
**જન્મદિને વધામણી**



લાભશંકર ચીમનલાલ રાવલ
ફોન : ૨૩૨૩૪૫૩૫



ભાનુકાન્ત પી પરમાર
પ્રમુખ, ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન, ગાંધીનગર
ફોન : ૨૩૨૨૩૩૬૪



જયેશ તન્ના
આસિ. પ્રોફેસર
બીબીએ કોલેજ, ગાંધીનગર
કડી સર્વ વિશ્વવિદ્યાલય
મો. ૯૯૨૪૧ ૧૨૨૭૦



પોપટલાલ એસ પ્રજાપતિ
મહામંત્રી, અખિલ ભારતીય પ્રજાપતિ મહાસંઘ
મો. ૯૮૨૫૪ ૫૩૪૮૫



ભારતીબેન એન જોષી




હેમાલી મહેશભાઈ વેકરીયા

# ગાંધીનગરમાં કલા મહાકુંભનો વિધિવત પ્રારંભ







સોમવારે સ્કૂલ ઑફ અચીવર, કુડાસણ ખાતે ગાંધીનગર તાલુકાની ગ્રામ્ય વિભાગની સ્પર્ધાઓના પ્રારંભથી જિલ્લામાં કલા મહાકુંભનો પ્રારંભ થયો છે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારના રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત કમિશનર, રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર દ્વારા આ વર્ષથી જ કલા મહાકુંભનો આરંભ કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં કલા મહાકુંભનું સંચાલન જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા કરવામાં આવી રહ્યું છે. કલા મહાકુંભના ઉદ્ઘાટન સમારોહમાં જિલ્લા રમતગમત અધિકારી વી બી દત્તા, સ્કૂલ ઑફ અચીવરના ગુજરાતી માધ્યમના આચાર્ય અશોક વ્યાસ, અંગ્રેજી માધ્યમનાં આચાર્ય લલિતા અબ્રાહમ, વાઈસ પ્રિન્સિપાલ જગદીશ સુથાર ઉપસ્થિત રહ્યાં હતાં. આચાર્ય અશોક વ્યાસ દ્વારા સૌ કલાકારોને શુભકામનાઓ પાઠવી કલા મહાકુંભને ખુલ્લો જાહેર કરવામાં આવ્યો હતો. જગદીશ સુથારે પણ કલા મહાકુંભના આરંભથી કલા અને કલાકારોની ઓળખ વધશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

અતિથિઓ અને નિર્ણાયકોનું આ પ્રસંગે પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર ઉદ્ઘાટન કાર્યક્રમનું સંચાલન મિલાપ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિવિધ સ્પર્ધાઓનો આરંભ કરવામાં આવ્યો હતો. તબલાંવાદનમાં સૌથી વધુ સ્પર્ધકો નોંધાયા હતા. ૨૩ જેટલા સ્પર્ધકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. હાર્મોનિયમ/ઑર્ગન વાદન સ્પર્ધામાં ૮, વાંસળી વાદનમાં બે, ભરતનાટ્યમ્‌માં બે અને એકપાત્રીય અભિનય સ્પર્ધામાં પણ બે સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે જીતુભાઈ દવે, યોગેશ ગોસ્વામી, મોહિત સુરાણી, જિજ્ઞેશ શુક્લ, વિપુલ પ્રજાપતિ, બીનલ શુક્લ, પ્રતિભા વર્મા, રતનસિંહ વાઘેલા અને કુંતલ નિમાવત દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. આ સ્પર્ધાના સંચાલન માટે સ્કૂલ ઑફ અચીવર પરિવારના જયદીપ ઉપલા, જિતેન્દ્ર ચૌહાણ, અરવિંદ વોરા અને ધર્મેન્દ્રસિંહ સોલંકીએ સક્રિય અને સરાહનીય ફાળો આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારનો કલા મહાકુંભ આગામી ૩ અને ૪ ઑગષ્ટના રોજ યોજાઈ રહ્યો છે.

## ઈન્ટરસ્કૂલ ટૅલેન્ટ હન્ટમાં ઍમ બી પટેલ સ્કૂલ ઝળકી



સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ દ્વારા આયોજિત ટૅલેન્ટ હન્ટ કાર્યક્રમ ‘ક્વેસ્ટ-૨૦૧૭’ અંતર્ગત ડિબેટ સ્પર્ધામાં ઍમ બી પટેલ અંગ્રેજી માધ્યમ શાળાએ ત્રીજા ક્રમનું વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું. શાળાનાં શિક્ષક સબીહા અખ્તર સૈયદના માર્ગદર્શન હેઠળ આદિત્ય ત્રિવેદી,, હેલી પરમાર, ઝીલ મિસ્ત્રી અને શ્રેય પ્રજાપતિએ આ સ્પર્ધામાં ભાગ લઈ વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું. આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા શાળા પરિવાર વતી શિક્ષક અને વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## તાલુકા વૉલીબૉલ સ્પર્ધામાં લીંબોદરા હાઈસ્કૂલે પ્રથમ ક્રમનું વિજેતા સ્થાન મેળવ્યું

ગાંધીનગર, તા. ૩૧

રાંધેજા વિભાગ દ્વારા તાલુકા કક્ષાની શાળાકીય વૉલીબૉલ સ્પર્ધા તાજેતરમાં ઉનાવા ખાતે યોજવામાં આવી હતી.

આ સ્પર્ધામાં શ્રી પી પી આર શાહ હાઈસ્કૂલ, લીંબોદરાની ભાઈઓની ટીમે પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

આ વિજેતા ખેલાડીઓને શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાત દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આચાર્ય તેજસિંહ પરમાર દ્વારા શાળા પરિવાર દ્વારા વિજેતા ખેલાડીઓને બિરદાવી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## માતા-બાળના અતૂટ સંબંધનો મજબૂત બનાવતી સ્પર્ધા જેસીઆઈ દ્વારા યોજાઈ




વિશ્વમાં બાળક અને માતા વચ્ચેના અતૂટ સંબંધને, પોતાના વિચારોને દર્શાવતી પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન જેસીઆઈ દ્વારા સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું. માતા-બાળકને પચીસ જેટલા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ૧૬ માતાઓ અને ૨૦ બાળકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ અનોખી સ્પર્ધાના આયોજન અને સંચાલન બદલ જેસીઆઈ, ગાંધીનગરનાં પ્રમુખ ડૉ. પરાગી ગાંધી અને સભ્ય ફાલ્ગુની ભાવસાર, રોનક પંડ્યા, મૈત્રી, ઉપાસના અને માનવ પ્રતિ શાળાનાં આચાર્ય સંગીતાબેન પટેલ, જાગૃતિ મહેતા, હેમલતા કટારા દ્વારા અભિનંદન અને આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## મધુરમ ફાઉન્ડેશન દ્વારા સામાજિક નાટકની પ્રસ્તુતિ

ગાંધીનગર, તા. ૩૧

મધુરમ ફાઉન્ડેશન દ્વારા સંસ્થાના “બેટી બચાવો બેટી પઢાવો”ના અભિગમને સંકલ્પબદ્ધ તથા સાકાર કરવા અને દિકરીના ગૌરવશાળી મુલ્યને સમજાવતા એક સામાજિક નાટક “મારી દિકરી લાડકવાયી”નું તારીખ ૨૯/૦૭/૨૦૧૭,શનિવારના રોજ રાત્રે ટાઉન હોલ,સેક્ટર -૧૭,ગાંધીનગર ખાતે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉત્તર ગાંધીનગર વિધાનસભાના માનનીય ધારાસભ્ય અશોક્ભાઈ પટેલ, રાજેન્દ્ર શુક્લ, સંયોજક, આર.એસ.એસ તથા ચેરમેન જી.પી.એસ.સી., ગાંધીનગર,મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશ્નર બારીયા, કે. બી. વાઘેલા, વૈજ્ઞાનિક અધિકારી, જી.પી.સી.બી., ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, સ્વર ગુંજન સાંસ્કૃતિક સંસ્થાના સભ્યો તથા ગાંધીનગરના સહું કલા અને સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના પ્રમુખમધુબેન બી. પ્રજાપતિએ “બેટી બચાવો બેટી પઢાવો”ના પોતે જોયેલા સ્વપ્નને તથા તે અંગેના પોતાના અભિગમને સંકલ્પબદ્ધ તથા સાકાર કરવા બેટીને બચાવી તેને ઉચ્ચતમ શિક્ષણ તથા સંસ્કારોના સિંચનથી પોષીને તુટતી જતી સમાજવ્યવસ્થાની સમતુલા જાળવવાનું અદભુત કાર્ય દિકરી કરે છે ત્યારે દિકરીના ગૌરવશાળી મુલ્યને સમાજમાં ઉજાગર કરવા અને સમાજ આ દીશામાં ખુબ ચિંતન અને મનન કરે તે માટે આ સામાજિક નાટક ગાંધીનગર ખાતે પ્રદર્શિત કરવામાં આવી રહ્યું હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ભરત વ્યાસ દ્વારા નિર્મિત નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. દિકરીના મુલ્યને સમજાવતા ભાવવાહી દ્રશ્યોના સુંદર ઉદાહરણથી સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિનોદભાઈ ઉદેચા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સી ઍન આર્ટ્સ - બી ડી કૉમર્સ કૉલેજ ખાતે ઉમાશંકર જોષીની જન્મજયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૩૧

શ્રી ઍમ પી શાહ ઍજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત સી ઍન આર્ટ્સ અને બી ડી કૉમર્સ કૉલેજ ખાતે લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર ઉમાશંકર જોષીની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

ઍફવાયબીએની ગુજરાતી વિષયની વિદ્યાર્થીની જાનકી દ્વારા પ્રાર્થનાથી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સમારોહનું અધ્યક્ષ સ્થાન કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. જી ડી ત્રિપાઠીએ શોભાવ્યું હતું. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. જે ઍમ ચાવડાએ અધ્યક્ષનું સ્વાગત કર્યું હતું. પ્રિન્સિપાલ ડૉ. ત્રિપાઠીએ પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને ઉમાશંકર જોષીની જેમ વિવિધ ક્ષેત્રોમાં બહુશ્રુતતા કેળવવા જણાવ્યું હતું. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ચાવડાએ ઉમાશંકર જોષીના સર્જક વ્યક્તિત્વનો પરિચય કરાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિષયના અધ્યાપક ડૉ. જી સી સોઢા દ્વારા કરવામાં આવ્યું હતું.


# દોડવા માટે મૂઠી વાળીને ડગલું માંડીએ તો ખરા...




અમેરિકાના ઓહિયો સ્ટેટના મિલાન શહેરની વાત છે. વર્ષ ૧૮૪૭ના ફેબ્રુઆરી મહિનાની ૧૧મી તારીખે નેનસી મેથ્યુસ અને સેમ્યુલ ઑગ્ડેનના ઘરે પારણું બંધાતું. માતા-પિતા ફુલ જેવા બાળકને પામી ઈશ્વરનો પાડ માનવા લાગ્યા. ધીરે ધીરે બાળક મોટું થવા લાગ્યું. શાળાએ જવા લાગ્યું. શાળામાં નેનસી-સેમ્યુલનો લાડકવાયો એની મસ્તીમાં જ રહેતો. શિક્ષકની કોઈ વાત પર ધ્યાન ન આપતો. એ સતત વિચારોમાં ખોવાયેલો રહેતો. ઉટપટાંગ કામ કરતો રહેતો. એક વાર એણે પક્ષીઓને કીડા ખાતા જોયાં. એણે અનુમાન લગાવ્યું કે કીડા ખાઈએ તો ઊડી શકાય. એટલે એણે થોડા કીડા વાટી પાણીમાં નાખી હલાવીને એના ભાઈબંધને એ પાણી પીવડાવી દીધુ. એને અખતરો કરવો હતો કે આ કીડાં ખાવાથી પક્ષીઓ ઊડી શકે છે તો મારો ભાઈબંધ ઊડી શકે છે કે કેમ ? એનો મિત્ર ઊડી તો ના શક્યો પણ બિમાર ચોક્કસ પડ્યો. પછી લોકોને એના કારનામાની ખબર પડી. પરિવારના લોકોએ એને ખૂબ ધીબ્યો. દિવસે દિવસે એના કારનામા ખૂબ વધવા લાગ્યા. એક દિવસ સ્કૂલમાંથી શિક્ષકે એક ચિઠ્ઠી આપીને એને કહ્યું કે, ‘ આ ચિઠ્ઠિ માત્ર તારી માતાને આપજે બીજા કોઈને આપતો નહીં. ‘

શાળાએથી ઘેર પહોંચીને શિક્ષકે આપેલી ચિઠ્ઠી બાળકે માના હાથમાં મૂકી અને કહ્યું. ‘મમ્મી ટીચરે આ ચિઠ્ઠી તારા માટે આપી છે.’ માતાએ પરબિડીયામાંથી કાગળ કાઢીને વાંચ્યો. વાંચતાં વાંચતાં માની આંખોમાંથી દડદડ આસું વહેવા લાગ્યા. બાળકે કુતુહલવશ માને પૂછ્યું, ‘ મા, શું લખ્યું છે તેમાં ?’

આંસુ લૂછતાં માએ કહ્યું ‘ આમાં લખ્યું છે કે, તમારો દીકરો બહુ જ જિનીયસ છે. અમારી શાળામાં એને શિક્ષણ આપી શકે તેવા શિક્ષકો નથી. તમારા પુત્રના જેવા ઉત્તમ પ્રકારના દિમાગ માટે અમારી શાળા ખૂબ નાની અને વામણી છે. એટલે હવેથી એને સ્કૂલે મોકલીને આ જિનીયસનો સમય ન બગડે તેનું ધ્યાન રાખશો. એને તમે ઘરે જ અભ્યાસ કરાવશો. ‘ નેનસી મૃત્યુ પામી ત્યાં સુધી એને ઘરે જ ભણાવ્યો. તેણે ૧૫ વર્ષની ઉંમરે ઘરમાં જ એક નાની પ્રયોગશાળા પણ બનાવી અને એમાં નાના મોટા પ્રયોગો એ કરતો રહેતો. રેલવેના ડબ્બામાં છાપા વેચતો અને એક બોગીમાં નાના-મોટા પ્રયોગો કરતો. એકવાર ડબ્બામાં એનાથી ફોસ્ફરસ પડી જતાં આગ લાગી. આગ તો બુઝાઈ ગઈ પણ ગાડીના ગાર્ડે ખેંચીને એના ડાબા ગાલ ઉપર તમાચો ઠોક્યો. પરિણામે એને કાનમાં ઓછું સંભળાવા લાગ્યું. આ બાળક તો ખુશ થઈ ગયો. ભલું થયું ભાગી ઝંઝાળ. બેકારની નિર્થરક વાતો હવે નહીં સંભળાય.



સમય જતાં આ બાળક દુનિયાનો મોટો વૈજ્ઞાનિક બન્યો. જેણે બાળપણમાં અનેક લોકોની થપ્પડો અને મહેણાં ટોણાંના અંધકારનો સામનો કર્યો તે બાળકે આખી દુનિયાને રોશનીથી ચકાચોંધ કરતાં બલ્બની શોધ કરી દુનિયાભરમાં મહાન વૈજ્ઞાનિક સંશોધક થોમસ આલ્વા એડિસન તરીકે મશહૂર બન્યો. વિશ્વના પ્રસિદ્ધ મેગેઝીન ‘ લાઈફ ‘ દ્વારા છેલ્લા ૧૦૦૦ વર્ષના સૌથી મહત્ત્વના અને જિનીયસ ૧૦૦ લોકોની ૧૯૯૭માં પ્રસિધ્ધ કરાયેલી યાદીમાં સૌથી પહેલું સ્થાન એડિસનને આપવામાં આવ્યું. ૨૦૦૮માં એડિસનને ન્યુજર્સી હોલ ઓફ ફેઈમમાં સામેલ કરવામાં આવ્યા. ૨૦૧૦માં ટેકનિકલ ગ્રેમી એવોર્ડથી એમને સન્માનિત કરવામાં આવ્યા. ૧૯૬૯માં એડિસનને ઓટોમોટિવ હોલ ઓફ ફેમમાં મૂકવામાં આવ્યા. આવા તો કેટલાય સન્માનોથી એડિસનને નવાજવામાં આવ્યા. વિશ્વને ૧૦૦૦ જેટલી વિવિધ માનવજીવનમાં ઉપયોગી એવી શોધખોળોની ભેટ એડિસને આપી. એડિસન કહેતાં કે, જે સંશોધન જીવનમાં ઉપયોગી નથી અને ‘સેલેબલ નથી’ એ સંશોધનનો અર્થ નથી. વિજળીના બલ્બ ઉપરાંત એડિસને ટેલિગ્રામ, માઈક્રોફોન, મુંગા ચલચિત્રને અવાજનો પ્રાણ આપવા જેવી અનેક ઉપયોગી શોધ એડિસનના ફાળે જાય છે. દુનિયા આખીને રોશનીથી જગમગાવનાર થોમસ આલ્વા એડિસન ૧૮ ઓકટોબર, ૧૯૩૧ના રોજ ૮૪ વર્ષની વયે મૃત્યુ પામ્યા. આ દિવસે આખા અમેરિકામાં લાઈટ્સ ઓફ રાખીને એડિસનને અંજલિ આપવામાં આવે છે. બાળપણમાં સંકી, પાગલ, એકનું એક કામ અનેકવાર કરવાવાળો માનસિક રીતે બિમાર તરીકે ઓળખાતો બાળક દુનિયા આખીમાં સૌથી બ્રિલીયન્ટ અને જિનીયસ વૈજ્ઞાનિક તરીકે ઓળખાયો.

બાળપણથી જ રોજ રોજ હજારો વાર શીશીઓ ઊંધી છતી ગોઠવતાં એડિસને દુનિયા આખીને બલ્બની શોધ કરીને રોશન કરી. અનેક પ્રયાસોમાં જ સફળતાનો પ્રાણ છૂપાયેલો છે. મહાન વૈજ્ઞાનિકની કક્ષાનું સન્માન મળ્યા પછી એક દિવસ થોમસે અચાનક એની મમ્મીના કબાટમાં પડેલી એની યાદગીરી માટે સાચવેલી બેગ ખોલી તો એના કપડાં અને સામાનની સાથે એડિસનને એની ટીચરે આપેલી પેલી ચિઠ્ઠી જર્જરીત હાલતમાં દેખાઈ. એડિસને ફટાફટ એ ચિઠ્ઠી ખોલીને વાંચવાનું શરૂ કર્યું. એનું હૈયું ભરાઈ આવ્યું. આંખોમાંથી સડસડાટ આંસુની ધાર વહેવા લાગી. ચિઠ્ઠીમાં લખ્યું હતું ‘તમારા દીકરાની દિમાગની હાલત બિલકુલ બેકાર છે. એ દિમાગી રીતે બિમાર છે. એ શંકી પ્રકાનો વ્યક્તિ છે. અમે એને શાળામાં ભણાવી શકીએ એમ નથી. એને શાળામાંથી કાઢી મૂકવામાં આવે છે. બહેતર એ જ રહેશે કે તમે એને ઘરે જ રાખો. આ બાળકનું કોઈ ભવિષ્ય નથી.’ આ નોટ વાંચીને એણે એની ડાયરીમાં લખ્યું કે, “થોમસ આલ્વા એડિસન માનસિકરૂપે બિમાર અને સંકી વ્યક્તિ હતો, જેને એની માતાએ ‘જિનીયસ’ બનાવી દીધો....”

કોઈ કામમાં પહેલીવારમાં સફળ થઈ જવાય અથવા ન પણ થવાય. એક જ પ્રયાસ કરીને નિષ્ફળ જઈએ તો કામ છોડી દેવામાં આવે એ બરાબર નથી. લક્ષ સુધી પહોંચવા માટે વારંવાર હજારવાર પ્રયત્નો કરતા રહેવું પડે. પ્રયાસ અને રીયાઝ કરતાં રહેવું પડે. ગાયકને અવાજનો રોજ રોજ રીયાઝ કરતાં રહેવું પડે તો જ માયકલ ઝેકસન, જસ્ટીન બીબર, કિશોરકુમાર, લતા મંગેશકર જેવા જીનિયસ ગાયક બની શકાય. સંગીતકારને વાદ્ય ઉપર રોજ પ્રેકટીસ કરતાં રહેવું પડે તો જ ઝુબીન મહેતા, એ. આર. રહેમાન, આર.ડી. બર્મન, પંડિત જશરાજ, હરિપ્રસાદ ચોરસીયા, જેવા સંગીતજ્ઞ બની શકાય. ચિત્રકારને રોજ પેન્સિલના લીટા અને કલરના લસરકાની ધુન લાગેલી હોવી જોઈએ તો એ પાબ્લો પીકાસો, એમ.એફ હુસેન જેવી કક્ષાએ લઈ જઈ શકે.

પ્રત્યેક નિષ્ફળતા એક નવો માર્ગ આપે છે. પ્રત્યેક અસફળતા એક નવા પ્રયાસને આહવાન આપે છે. થોમસ આલ્વા અડિસન ૯૯૯ વાર નિષ્ફળ ગયા એમ કહેવા કરતાં થોમસ આલ્વા એડિસને ૯૯૯ નવા માર્ગો શોધ્યા. દુનિયાને ઉપયોગી ભાથું આપ્યું. જીવનના દરેક મહત્વના મૂલ્યો ચોપડીમાંથી ગોખીને નથી આવતાં. જીવનના અમૂલ્ય પરિમાણો અનુભવથી ખુલતા હોય છે. અનુભવનું અમૃત પ્રયાસોના પાતાળમાંથે પ્રગટે છે.

આપણી સૌથી મોટી કમજોરી હાર માની લેવાની છે. આપણે નાસીપાસ થઈને મેદાન છોડી દેવાની વૃત્તીની બહાર આવવુ પડે. એક વધુ પ્રયાસ કરવામા ખોટું શું છે ? કદાચ ફરી એક વારના પ્રયત્નમાં જોરદાર સફળતાની ચાવી મળી જાય તો...! બસ, એકવાર વધુ કોશિષ કરવા જ્યાં બેઠા છીએ ત્યાંથી ઊભા તો થઈએ... દોડવા માટે મૂઠી વાળીને ડગલું માંડીએ તો ખરા... જ્યાંથી લોકો થાકી-હારીને કામ છોડી દે, ત્યાંથી જ પકડી લેતાં શીખવું પડે. કોઈકે થાકી-હારીને છોડેલી વાત પ્રયાસોના પ્રાણ પૂરીને આગળ વધારવી પડે. સફળતાનો આધાર કરવામાં આવેલા પ્રયાસો અને એની તત્પરતા ઉપર જ હોય છે.

**ધબકાર**

પ્રેરણા, પ્રોત્સાહન અને પ્રયાસ આ ત્રણ શબ્દો માણસનું જીવન બદલી નાખે અથવા બનાવી નાખે.